જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં એન્વાયરમેન્ટ ક્લીયરન્સ મેળવવા મળેલ અરજીઓ

* ૧૫/૩/૫૧૪ હેમંતભાઈ આહિર (જામ જોધપુર) માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જવાબ આપવા કૃપા કરશો :

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ઈ.સી (એન્વાયરમેન્ટ ક્લીયરન્સ) મેળવવાની કેટલી અરજીઓ મળેલ, | (૧) | પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ અંતર્ગતના એન્વાયરોન્મેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ નોટીફીકેશન ૨૦૦૬ ની જોગવાઈ મુજબ રચના થયેલ સ્ટેટ લેવલ એન્વાયરોન્મેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી, દ્વારા તા. ૩૧.૦૭.૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અને દેવભુમી દ્વારકા જિલ્લામાં ઈ.સી (એન્વાયરોન્મેન્ટ ક્લીયરન્સ) મેળવવા માટે મળેલ અરજીઓનું પત્રક બિડાણ – ૦૧ મુજબ છે. |
| (૨) | ઉક્ત અરજીઓ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર થયેલ અને કેટલી ના મંજૂર થયેલ છે, અને | (૨) | જામનગર જિલ્લામાં અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં વર્ષ ૨૦૨૧, ૨૦૨૨ અને જુલાઈ ૨૦૨૩ સુધીમાં (એન્વાયરોન્મેન્ટ ક્લીયરન્સ) વર્ષવાર મંજૂર થયેલ અને ના મંજૂરની વિગતો દર્શાવતુ પત્રક બિડાણ – ૦૨ મુજબ છે. |
| (૩) | ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શા છે ? | (૩) | નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં તા. ૩૦.૦૯.૨૦૨૦ના હુકમમાં દર્શાવેલ અંતરનું પાલન થતુ ન હોય તેને ના મંજૂર કરવામાં આવેલ છે. |

........................................................................................................................................